

ગુજરાતીઓનો પ્રિય તહેવાર ઉત્તરાયણ નજીક આવી રહ્યો છે. ઉત્તરાયણ નજીક આવતા બજારોમાં પતંગ-દોરીનો વ્યવસાય શરૂ થઈ ચૂક્યો છે. માંજો પીવડાવવાવાળાઓ બજારોમાં આવી ગયા છે. પતંગરસીયાઓ અત્યારથી જ માંજો પીવડાવી પતંગયુદ્ધ માટે તૈયાર થઈ ચૂક્યા છે.

# સુઘડ પાર્શ્વનાથ એટલાન્ટીસ પાર્ક ખાતે સામાન્ય બાબતે ઝઘડો થતા સામસામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર સુઘડ નજીક પ્રાશ્વનાથ એટલાન્ટીસ પાર્ક સોસાયટી ખાતે મામાના ઘરની બાજુમાં રહેતા પાડોશીને સમજાવવા માટે ગયેલા દંપતિને ઝપાઝપી કરી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપતા અડાલજ પોલીસ મથકે સામસામે ફરીયાદ નોંધાતા પોલીસો આગળની તપાસ હાથ ધરી છે.

મારા મામાના ઘરમાં તમારે કોઈ દખલગીરી કરવાની જરુર નથી અને કૃણાલસિંહને તેમ તમારી સાથે ક્યાંય બહાર લઈ જશો નહી તેમ કહીને સમજાવવા જતા મામાના પાડોશીએ દંપતિ પર ઉશ્કેરાઈને બેફામ ગાળો બોલી દિવાનસિંહને મારવા લાગ્યા હતા. જયારે ફરીયાદી સાથે પણ નીલાબા ઝપાઝપી કરવા લાગ્યા હતા. આ ઝપાઝપી દરમિયાન ફરીયાદીનું ગળામાં પહેરેલ મંગળસુત્ર અને પેન્ડલ ક્યાંક પડી ગયુ હતું. તો બીજી તરફ ફરીયાદીને ગળાના ભાગે નખ મારી ઈજા પહોંચાડી હતી. જયારે ઘરની નીચે આવી દંપતિને સામેવાળાએ હવે પછી ઝઘડો કરવા આવશો તો જાનથી મારી નાંખશુ તેવી ધમકી આપી હતી.જયારે ઝઘડા સમયે ઝપાઝપી દરમિયાન આસપાસના રહીશોએ વચ્ચે પડીને છોડાવ્યા હતા.

ત્યારે બીજીબાજુ નીલાબા રાઠોડે ફરીયાદમાં જણાવ્યું છે કે અમારા ઘરની સામે રહેતા રાજેન્દ્રસિંહ રાઠોડના મામાના દિકરા દિવાનસિંહ ચૌહાણ અને તેમના પત્ની નિશાબા અમારા ઘરે આવી દરવાજો ખખડાવીનો ફરીયાદીના પતિને બોલાવી તમે મારા મામાના ઘરમાં કેમ દખલગીરી કરો છો તેમ કહી ગાળો બોલી દિવાનસિંહે ધક્કો મારી પાડી દેતા ઢીંચણના ભાગે ઈજા પહોંચી હતી. ત્યારબાદ નીચે આવતા મારામારી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા તેઓએ પણ અડાલજ પોલીસ મથકે દિવાનસિંહ ચૌહાણ અને નિશાબા ચૌહાણ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગરના મેયર હિતેષ મકવાણા ૧૭મીએ વારાણસીમાં યોજાયેલ મેયર કોન્ફરન્સમાં ભાગ લેવા આજે વારાણસી જશે.
- સમગ્ર ગુજરાત નાગર પરિષદ (મહામંડળ) દ્વારા ૯મી જાન્યુ-૨૨ને રવિવારે "જીવન સાથી પસંદગી સંમેલન" યોજાશે. આ માટે ૩૧-૧૨-૨૧ સુધીમાં ફોર્મ ભરીને મોકલી આપવાના રહેશે.
- સે. ૨૧ પંચશીલ પાર્કના બગીચાની સફાઈ સહિતની કામગીરીનો આજથી આરંભ થયો છે.
- સે. ૬ માં સંત રોહિદાસ હોલ ખાતે આયુષ્યમાન હેલ્થકાર્ડ માટેનો કેમ્પ ટેકનીકલ કારણોસર મોકૂફ રાખવાની જાહેરાત છેલ્લી ઘડીએ કરવામાં આવાતાં લોકોમાં નિરાશા વ્યાપી ગઈ હતી.
- આજે ગાંધીનગર મનપામાં ભરતીના જાહેર થયેલ પરિણામો પછી લેબ.ટેકનીશ્યન અને ફાર્માસીસ્ટના ઉમેદવારોના પ્રમાણપત્રની ચકાસણી હાથ ધરાશે.
- જિલ્લામાં જર્જરિત પંચાયત ઘરોને બદલે નવા પંચાયત ઘર બનાવવા માટેની કવાયત પંચાયત દ્વારા હાથ ધરવામાં આવી છે.
- ઈ.શ્રમ કાર્ડ માટે જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૪૭૯૦ કામદારોનું રજીસ્ટ્રેશન થયુ છે.
- રાજ્યના મુખ્યમંત્રી આજે ૮ મહાનગરોના કમિશનરો સાથે ફાયર એન.ઓ.સી. અને બી.યુ. પરમિશનના મુદ્દે ખાસ સમીક્ષા બેઠક યોજશે.
- ગાંધીનગર શહેરની સ્ટ્રીટલાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદો વધી રહી છે.

# રાંધેજા ગામમાં સહજ ફાર્મની ઓરડીમાંથી ૯૫ હજારની ચોરી

ગાંધીનગર,તા.૧૫

રાંધેજા ગામની સીમમાં સ્થિત સહજ ફાર્મની ઓરડીમાં પ્રવેશ કરી ટંકનો નકુચો તોડી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રૂપીયા મળી કુલ રૂ.૯૫ હજારની મત્તા ની ચોરી થવા પામી છે. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાંધેજા ગામના શિવશકિત રાવળવાસના સજનબેન બળદેવભાઈ રાવળ હાલ નાગની શેરી સહજ ફાર્મની ઓરડીમાં પરિવાર સાથે રહે છે અને ખેતમજુરી કરે છે. તેઓને સંતાનમાં દિકરો મહેન્દ્ર તેમજ દિકરી દક્ષા છે. બંન્ને પરિણિત છે. જયારે મહેન્દ્ર ગામમાં અલગ રહે છે અને ખાનગી નોકરી કરે છે. ગતરોજ સવારના સમયે સજનબેને તેમના પતિને બાજરી દળાવવા માટે ઓરડીમાં રહેલી લોખંડની ટંકમાંથી રૂ.૫૦૦ આપ્યા હતા. તેઓ ગામમાં ઘંટીએ ગયા હતા, જયારે ટંકને લોક મારી ખેતરમાં ઘાસચારો લેવા માટે સજનબેન ગયા હતા. ઘરનો દરવાજનો બંધ કર્યો હતો,પરંતુ દરવાજાને લોક માર્યું ન હતું. ત્યારબાદ હું ખેતરમાંથી સાડા દશ વાગે ચાઘાસચારો લઈને ઘરે આવ્યા હતા અને તેણીના પતિ પણ ઘરે આવ્યા હતા. ઘરે આવીને ઘરનું કામકાજ કરીને સાંજના તેણીના પતિ ઘરે હાજર હતા. તે સમયે સજનબેન ખેતરમાં ફરીથી ઘાસચારો લેવા માટે ગયા હતા અને સાંજના ૭ વાગે ઘરે પરત ફર્યા હતા. જમી પરિવારને તેઓ ઓરડીની બહાર સુતા હતા, તે સમયે રાત્રીના ૯ વાગે ટંકમાં રહેલા દાગીના લેવા માટે અંદર ગયા હતા. તે સમયે જોયુ તો ટંકનો નકુચો તુટેલ હતો અને બંધ તાળુ નકુચા સાથે લટકેલુ હતું. જેથી ટંક ખોલીને અંદર તપાસ કરતા સજનબેને મુકેલા રોકડા રૂપીયા તેમજ સોના ચાંદીના દાગીના જણાયા ન હતા. ટંકમાંથી રોકડ રૂ.૩૫ હજાર, મારા ચાંદીના કડલા નંગ-૨, ચાંદીની સેરો નંગ-૨, સોનાની બુટ્ટી નંગ-૨, જુમ્મર-૨ નંગની કુલ કિંમત રૂ.૩૫ હજાર રોકડા રૂપીયા મળી કુલ રૂ.૯૫ હજારની મત્તાની ચોરી થવા પામી છે. સજનબેને પેથાપુર પોલીસ મથકે ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# કોચીઝ વેલ્ફેર એસો. દ્વારા પડતર પ્રશ્નો અંગે રમત-ગમત વિભાગને રજુઆત કરાઈ

કોચીઝ વેલફેર એસોસિએશન દ્વારા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતમાં



ડિસ્ટ્રીકટ કોચ તરીકે ફરજ બજાવતા કોચીઝના પડતર પ્રશ્નો નિયમ મુજબ પ્રોબેશનનો સમય પૂર્ણ થયેલ હોવાથી પ્રોબેશનમાંથી નિયમિત કરવા, જુથ વીમાનો લાભ આપવા, નિયમ મુજબ સીપીએફ ખોલવવા, સહિતના લાભો આપવા માટે રજુઆત એસોસિએશનના પ્રમુખ દિનેશ ભીલ અને મંત્રી નિમેશકુમાર પટેલની આગેવાનીમાં પ્રતિનિધી મંડળે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ના સચિવ અશ્વિની કુમારને રજુઆત કરી હતી. જેથી કોચીઝના પ્રશ્નો સાંભળી યોગ્ય કાર્યવાહી કરવા હૈયા ધારણા આપી હતી. જયારે પ્રશ્નોના સત્વરે ઉકેલ લાવવા માટે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સચિવને સુચના આપી હતી.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




ના સાહેબ, મોંઘવારીનો ઈન્ડેક્ષ્ટ બહુ ઉપયોગી છે... નહીં તો અમારા જેવાને મોંઘવારી કેટલી છે એ કદી ખબર જ ન પડે...!!

# સાંતેજ કોઠારી ચોકડી પાસેથી દારૂ-બિયર ભરેલી સ્વીફટ ઝડપાઈ

ગાંધીનગર,તા.૧૫

ગાંધીનગર જિલ્લાના સાંતેજ કોઠારી ચોકડી પાસેથી વિદેશી દારૂની ૨૭૮ બોટલ સ્વીફટ ડીઝાયર ગાડીમાંથી એલસીબી-૨ પોલીસે ઝડપી પાડી છે. પોલીસે દારૂ, મોબાઈલ અને સ્વીફટ ગાડી મળી કુલ રૂ.૬ લાખથી વધુનો મુદામાલ કબ્જે કરી ગાડીમાં બેઠેલા ૩ આરોપીઓ સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આગામી ગ્રામ પંચયાતની ચુંટણીને અનુલક્ષી પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા પ્રોહીબિશન અને જુગારની અસરકારક કામગીરી કરવા સુચના આપતા એલસીબી-૨ પીઆઈએ ટીમના સભ્યોને તે દિશામાં પરિણામલક્ષી કામગીરી કરવા સુચના આપી હતી. ત્યારે એલસીબી-૨ ના અધિકારી-કર્મચારી તે દિશામાં પ્રયત્ન શીલ હતા. તે સમયે એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવને ખાનગી રાહે મળેલી બાતમીને પગલે તેઓએ સાંતેજ કોઠારી ચોકડી પાસેથી જી.જે.૦૧.કે.ઝેડ-૫૧૭૮ નંબરની ગાડીને રોકી તેમાં તપાસ કરતા ગાડીની અંદરથી દારુ અને બિયરની કુલ બોટલ નંગ-૨૭૮ પકડી પાડી હતી.



રખડતા ઢોરો મુખ્ય માર્ગોની વચ્ચે આવી ન જાય તે માટે ડીવાઈડર પર ઠેર ઠેર જાળી લગાવવામાં આવી છે. આ જાળી ઘણી જગ્યાએ તુટી ગઈ હોવાથી હાલમાં તેનુ રીપેરીંગ કામ ચાલી રહ્યુ છે. વાયબ્રન્ટ સમિટ નજીક આવતા વિવિધ કામગીરીમાં ઝડપ લાવવામાં આવી છે.

Vibrant Gujarat 2022 10-12 Jan
Azadi Ka Amrit Mahotsav
સત્યમેવ જયતે
Government of Gujarat



શ્રી નરેન્દ્રભાઈ મોદી
માન. વડાપ્રધાન



શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માન. મુખ્યમંત્રી, ગુજરાત

ધરા ખુશહાલ-ઉત્તમ પૈદાવાર
રસાયણ મુક્ત પ્રાકૃતિક ખેતીના ધ્યેયને સમર્પિત
પ્રિ-વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૧
પ્રાકૃતિક ખેતી - રાષ્ટ્રીય પરિષદ
સરદાર પટેલ ઓડિટોરિયમ, અમૂલ કેમ્પસ, આણંદ, ગુજરાત
૧૬ ડિસેમ્બર, ૨૦૨૧

શ્રી નરેન્દ્રભાઈ મોદી
માન. વડાપ્રધાન
(વર્ચ્યુઅલ ઉપસ્થિતિ)

શ્રી આચાર્ય દેવવ્રત
માન. રાજ્યપાલ, ગુજરાત

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માન. મુખ્યમંત્રી, ગુજરાત

શ્રી અમિતભાઈ શાહ
માન. કેન્દ્રીય મંત્રી ગૃહ અને સહકાર, ભારત સરકાર

શ્રી નરેન્દ્ર સિંહ તોમર
માન. કેન્દ્રીય મંત્રી કૃષિ અને ખેડૂત કલ્યાણ, ભારત સરકાર

શ્રી પંકજ કુમાર
મુખ્ય સચિવ, ગુજરાત



કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
ગુજરાત સરકાર